dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

January 2011 For private circulation only Vol. 03 - Issue 50

महामति प्राणनाथ और महात्मा गांधी दोनों का जन्म गुजरात की पावन भूमि में हुआ था । दोनों कुलीन परिवार के थे । दोनें ने राज्य की सीमाएँ तोडीं और विश्व के अनेक देशोंकी यात्राएँ की । दोनो का पारिवारिक वातावरण धर्ममय था । दोनों ने माना कि सत्य से बढकर और कुछ नहीं है । मानवता से बढकर कोई धर्म नहीं है । महामति प्राणनाथ ने सत्य का प्रयोग आनंदाभूति के लिए किया और गांधीजी ने सत्य का प्रयोग आध्यात्म और राजनीति दोनों में किया । दोनो सत्याग्रही थे । दोनो सर्वधर्म समभाव के लिए आजीवन प्रयासरत रहे । दोनों ने सत्याग्रह में अहिंसक क्रांति का समर्थन किया । दोनों ने हिन्दी को राष्ट्रभाषा के रुप में स्वीकार किया । दोनों ने नारी सम्मान की प्रतिष्ठा की । दोनों ने मानव गरिमा को स्थापित कर अस्पृश्यता निवारण किया । अस्पृश्यता को मानवता और ईश्वर के प्रति अपराध बताया ।

महामति प्राणनाथ और महात्मा गांधी
श्री प्राणनाथ अकादमी धाम, पन्ना (म. प्र.)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વિશ્વ માનવ પૂજય મહાત્મા ગાંધીજીના ૬૩મા નિર્વાણ દિને સર્વ ધર્મ સમભાવનાની ભાવના તથા આદર્શો અને સિધ્ધાંતોને યાદ કરીએ. શ્રી કિશોરલાલ મશરૂવાળા, 'ગાંધી વિચાર દોહન' પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે કોઈપણ સત્પુરૂષના વિચારોને સંપૂર્ણ પણે સમજવા માટે માત્ર તેમના પુસ્તકોનો અભ્યાસ પૂરતો નથી. આવા વ્યકિતઓના હૃદયને સમજવા તથા એમના વિચારોના મૂળ આધાર તત્વને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો જીવનના મૂળ આધાર તત્વો મળી જાય તો સંપૂર્ણ વિચાર સૃષ્ટિના એક પછી એક સિધ્ધાંતો મળી જાય છે. ગાંધીજીની સર્વ ધર્મની ભાવનાનાં મૂળ તેમની માતા પુતળીબાઈની અગાધ કૃષ્ણપ્રણામી સંપ્રદાયની શ્રધ્ધામાં જોવા મળે છે.

મહાત્મા ગાંધીના પૂર્વજ વૈષ્ણવ સંપ્રદાય પાળનાર વણિક હતા. પરંતુ ગાંધીજીનાં માતા પુતળીબાઈ પ્રણામી સંપ્રદાયની અનન્ય ભકત હતા. ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી જેઓ કબા ગાંધી તરીકે ઓળખાતા. કબા ગાંધીને એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બે થી બે દિકરીઓ થયા બાદ મૃત્યુ પામી. ત્રીજી પત્ની નિઃસંતાન રહેતાં, તેની હયાતીમાં કબા ગાંધી ચાલીસ વર્ષની વયે, અઢાર વર્ષની પુતળીબાઈ સાથે પરણ્યા હતા. કબા ગાંધી અને પુતળીબાઈને ચાર સંતાનો થયાં. એક પુત્રી અને ત્રણ પુત્રો. તેમાં મોહનદાસ સૌથી નાના.

ગાંધીજીની માતા પુતળીબાઈની જન્મભૂમિ જૂનાગઢથી આશરે ૧૫ કિ.મી. દૂર આવેલ 'દાત્રાણા' ગામ. કબા ગાંધીની ત્રીજી પત્નિ હયાત હોઈ તેમની જ્ઞાતિમાંથી કોઈ લગ્ન માટે તૈયાર ન થતાં, દાત્રાણાના નિમ્ન જ્ઞાતિના પુરોહિત પરિવારની પુતળીબાઈ સાથે લગ્ન થયાં હતાં. પુરોહિત પરિવાર પ્રણામી સંપ્રદાયનું અનુયાયી હતું. પુતળીબાઈનાં ફોઈ સાધ્વી રામબાઈ દ્વારા દાત્રાણાનું પ્રણામી મંદિર સ્થપાયું હતું. પુતળીબાઈ પોતાના લગ્ન થયાં ત્યાં સુધી તેમની ફોઈ રામબાઈ સાથે દાત્રાણાના પ્રણામી મંદિરમાં રહયાં હતાં. આથી તેઓએ પ્રણામી સંપ્રદાયના મૂળ તત્વો તથા સિધ્ધાંતોને જીવનમાં અપનાવ્યા હતા. લગ્ન બાદ પોરબંદરના ગાંધીજીના જન્મસ્થાન કીર્તિમંદિરની બાજુમાં જ કૃષ્ણ પ્રણામી મંદિર છે ત્યાં પુતળીબાઈ દરરોજ શ્રધ્ધાપૂર્વક જતાં. ગાંધીજી પોતાની આત્મકથામાં લખે છે, "માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડયા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી."
ગાંધી શતાબ્દિ વર્ષમાં હાર્વર્ડ યુનિવર્સિટી, અમેરિકાના વિદ્વાન પ્રોફેસર સ્ટેફને લખ્યું છે કે, "Gandhi's mother come from a Pranami family in the village Dantrana. Now, it seems to me important to understand Gandhi's mother's religious ideas if we are to understand Gandhi."

પ્રણામી સંપ્રદાયનો વિકાસ સંત પ્રાણનાથ દ્વારા (૧૬૧૯-૧૬૯૫) થયો. જે સમયે ગુજરાતમાં વર્ણ અને જ્ઞાતિ ભેદો સજ્જડ હતા. હિંદુ અને મુસ્લિમ કોમો વચ્ચે વૈમનસ્ય પ્રવર્તતું હતું તે સમયે સમધર્મ સમભાવની ભાવના સંત પ્રાણનાથે પ્રગટાવી. તેમનું જન્મસ્થળ જામનગર. બ્રાહ્મણ નહીં પરંતુ લોહાણા જ્ઞાતિના પ્રાણનાથ (મૂળનામ મહેરાજ), મૂળે જામનગર રાજયના દિવાન હતા. પ્રણામી સંપ્રદાયના સ્થાપક દેવચંદ્રજીના સંપર્કમાં આવ્યા બાદ તેમણે પ્રાણનાથ નામ ધારણ કરી આ સંપ્રદાયને એવી તો ભારે ધગશથી પ્રગટાવ્યો કે તે ગુજરાત ઉપરાંત કચ્છ, સૌરાષ્ટ્ર, ખેડા, સુરત જિલ્લા ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, બંગાળ, આસામ અને નેપાળ સુધી ફેલાયો છે. આ સંપ્રદાય ખાસ કરીને કચડાયેલા વંચિત લોકોમાં ઘણો લોકપ્રિય છે. તે 'નિજાનંદ સંપ્રદાય' તરીકે પણ જાણીતો છે.

મહામતિ સંત પ્રાણનાથ કોઈ અલગારી સંત નહોતા. તેમણે કુરાન, સૂફી પરંપરા અને વેદ તથા ઉપનિષદ જેવા હિંદુ ધર્મગ્રંથો વચ્ચે સમન્વય કરીને લોકોને ઉપદેશો આપ્યા હતા. તેમણે કુરાન અને પુરાણને એકરૂપ બનાવ્યા હતા. પ્રાણનાથ મોટા ગજાના ઉદ્દામવાદી અને લડાયક સંત હતા. ઔરંગઝેબ અત્યંત ધર્માંધ હતો તેમજ ધર્મવટાળ પ્રવૃત્તિમાં તથા મંદિરો તોડવામાં તે ઈસ્લામનું ગૌરવ સમજતો. પ્રાણનાથે ઔરંગઝેબની કટ્ટર ઈસ્લામપંથી નીતિઓ સામે લડવા મધ્યપ્રદેશના બુંદેલખંડના રાજા છત્રસાલ બુંદેલા (૧૬૪૨-૧૭૩૧) સહિત અનેક રજપૂત રાજાઓને ભેગા કરી, પતિયાલા અને અલ્વર જેવા રાજયોમાં લોકપ્રિય થયેલા 'સતનામી પંથ'ના ગરીબ ખેડૂતોને જોતરી, ઔરંગઝેબ સામે બળવો કરેલો. દિવાનગીરી, રાજકારણ અને વહીવટીતંત્રનો અનુભવ ધરાવનાર સંત પ્રાણનાથના ઉપદેશથી રજપૂત શાસકોએ ઔરંગઝેબ સામે બળવાઓ કર્યા અને બુંદેલખંડ તથા માળવાને સ્વતંત્ર બનાવ્યા અને પન્ના નગરને તેની રાજધાની

તરીકે પ્રસ્થાપિત કરી.

"ગુજરાતના ઘડવૈયા" પુસ્તકમાં શ્રી મકરન્દ દવેએ બહુતત્વવાદી અને સમતાવાદી મૂલ્યોના પ્રવાહક સંત પ્રાણનાથ નામક લેખમાં નોંધ્યું છે : "૧૯મા સૈકાના અંતિમ દાયકાઓમાં છપાયેલા મુંબઈ સરકારના ગેઝેટિયરોમાં લખ્યું છે કે પ્રણામી સંપ્રદાયમાં કુરાન, ઉપનિષદો, પુરાણો અને બૌધ્ધ ધર્મના સિધ્ધાન્તોનો સમન્વય થયો છે. અને આ સમન્વયવાદી સંપ્રદાયમાં શ્રમજીવી મુસલમાનો ઉપરાંત કાછિયા, ઘાંચી, દરજી, મોચી, વણકર, ખત્રી, ચૂડગર, કણબી અને સુથાર જેવા કારીગરો અને ખેડૂતો સામેલ થયા છે." સંત પ્રાણનાથે નિમ્ન ગણાતી જ્ઞાતિઓને તથા દલિતોને તેમના સંપ્રદાયમાં ઊંચુ સ્થાન આપીને તે જમાનામાં બહુ હિંમતભર્યું કામ કરેલું.

શ્રી નારાયણ દેસાઈએ 'મારું જીવન એ જ મારી વાણી'માં લખ્યું છે : " આ (પ્રણામી) એક એવો સમાવેશક સંપ્રદાય છે, જે હિંદુ ધર્મ અને ઈસ્લામ બંનેનાં ઉત્તમ તત્વોને એક કરવા પ્રયત્ન કરે છે. ગાંધીજી કહેતા કે ઘણી વાર તો પ્રણામી સંપ્રદાયના લોકોને કેટલાક રૂઢિચુસ્તો 'પ્રચ્છન્ન મુસ્લિમ' પણ કહેતા... પ્રાણનાથે મૂર્તિપૂજાનો પણ નિષેધ કરેલો." પોરબંદરના પ્રણામી મંદિરે ગાંધીજી પુતળીબાઈ સાથે નિત્ય દર્શને જતા. આ મંદિરની વિશેષતા એ હતી કે મંદિરની દિવાલો પર ગીતાના શ્લોક અને કુરાનની આયાતો કંડારાયેલી હતી. ગાંધીજીના સર્વધર્મ સમભાવ, હિન્દુ મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણના કાર્યોમાં માતા પુતળીબાઈના પ્રણામી સંપ્રદાયના સંસ્કારોનું બીજ જોવા મળે છે. ગાંધીજીના મિત્ર સુપ્રસિધ્ધ અમેરિકી પત્રકાર લૂઈ ફિશર લખે છે, "ગાંધીએ જણાવ્યું કે તેમની અશિક્ષિત ગ્રામીણ માતાએ તેમને શીખવ્યું કે અણુમાં બ્રહ્માંડ છે." આવી ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિકતા ગાંધીજીને માતાપક્ષથી મળી હતી. તેમણે જાતે સ્વીકારેલું છે કે - તેઓ તેમની માતાને સદ્‌ગુરૂ માને છે.

પ્રણામી સંપ્રદાયના મુખ્ય આચારોની પ્રાણનાથ પ્રતિજ્ઞા લેવડાવતા. જેમાં માંસ, તમાકુ, મદિરા સેવન, પરસ્ત્રી ગમન, ચોરી જેવા દુર્ગુણોના ત્યાગ કરવાનો રહેતો. આવી પ્રતિજ્ઞા લેનારને જ પ્રણામી સંપ્રદાયમાં પ્રવેશ મળતો. આથી જ જયારે ગાંધીજીને વિદેશ મોકલવાનો પ્રસંગ આવ્યો ત્યારે પુતળીબાઈ બેચરજી સ્વામી પાસે ગાંધીજીને માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી. ત્યાર બાદ માતાએ વિલાયત જવાની આજ્ઞા આપી. ગાંધીજીએ આ ત્રણે પ્રતિજ્ઞાઓ અનન્ય ભકિતભાવપૂર્વક પાળી હતી.

પુતળીબાઈનું બાળપણ દાત્રાણાના પ્રણામી મંદિરમાં વિતેલું. ત્યાં તેમણે પ્રણામી સંપ્રદાયનું આધ્યાત્મિક ભાથું મળ્યું હતું. સંત પ્રાણનાથે અનેક ધર્મગ્રંથો રચ્યા છે. મુખ્યત્વે તે હિંદી ભાષામાં છે. આ તમામ કૃતિઓને એક બૃહદ ગ્રંથમાં સમાવેશ કરેલ છે. જે 'કુલજમ સરૂપ' (કુલ-સંપૂર્ણ તથા જમા-સંગ્રહ)ના નામે પ્રસિધ્ધ છે. કુલજમ સરૂપનો પ્રથમ ગ્રંથ 'રાસ' છે. રાસ ગુજરાતીમાં જામનગરમાં લખાયેલ છે. અન્ય ગ્રંથો છે : કલશ, વેદાન્તવાણી, આખિરી કીર્તન, બડાસિંગાર, છોટાસિંગાર અને મારમત સાગર. પ્રણામી સંપ્રદાયના મંદિરોમાં પૂજાતો અને પ્રાણનાથે રચેલો બૃહદ ગ્રંથ 'તારતમ સાગર' કીર્તનનો સંગ્રહ છે.

મહાત્મા ગાંધીના વિચારો અને જીવનને પ્રણામી સંપ્રદાયનો આધાર મળેલો છે. કુલજમ સરૂપમાં નિર્દેશિત અનેક બાબતો ગાંધીજીએ તેમના જીવનમાં ઉતારેલી જોઈ શકાય છે. સત્ય, અહિંસા, કરુણા અને પ્રેમના પાઠો કુલજમ સરૂપમાં પ્રાણનાથે દર્શાવ્યા છે. 'तुम निरखो सत सरुप', सत न छोडो रे सतवादियो" પરમાત્મા સત્ય છે, તે સત્ય પરમાત્મા, સત્યના સાધનથી પ્રાપ્ત થાય છે. 'सांचा री साहेब सांच सों पाइए, सांच को सांच है प्यारा". અહિંસા, કરૂણા તથા પ્રેમના પાઠો કુલજમ સરૂપમાં વર્ણવાયા છે. કુલજમ સરૂપ પ્રેમનું વિજ્ઞાન છે. પ્રેમનું ધર્મશાસ્ત્ર છે અને પ્રેમનો અનંત સાગર છે. "दया नहीं जीव हिंसा करे, तो करम चंडाल नही तोले", प्रेम ब्रह्म दोक अेक है, अरस इसक का राज."

ગાંધીજી છૂત-અછૂતને મોટું પાપ ગણતા. ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ તથા કોમી એકતાના ગુણો, પ્રણામી સંપ્રદાયના મૂળ તત્વોમાં રહેલા છે. મહામતિ પ્રાણનાથે ગાયું છે :

छोड गुमान सब मिलसी, ए जो देखत हो जहान ।

जात पात न भांत कोई, एक खान पान एक गान ।।

નમ્રતા, પ્રણામ અને પ્રાર્થનાના મૂળ કુલજમ સરૂપમાં વર્ણવ્યા છે.

अब जो घडी रहो साथ चरने, होय रहियो तुम रेन समान । इन जागे को फल ही है, चेत लीजो चतुर सुजान ।।

ગાંધીજી પોતાને સનાતની હિન્દુ માનતા. મહામતિ પ્રાણનાથ કહે છે પાતાળ, મૃત્યુ અને સ્વર્ગ આ ત્રણે લોકમાં ભારતવર્ષ સર્વશ્રેષ્ઠ છે. તેમાં હિન્દુ ધર્મ સર્વોત્તમ છે.

રાષ્ટ્રીય ભાષાના સંદર્ભમાં મહામતિ પ્રાણનાથ કહે છે : "દરેકને પોતાના કુળની ભાષા પ્યારી હોય છે. સમસ્ત માનવ સમાજની ભાષાઓ, વ્યવહાર, રીતરિવાજ, વર્ણ તથા વર્ગ અનુસાર અલગ છે. મારે તો માત્ર માનવ સાથે પરિસંવાદ કરવો છે. સંસારની અનેક ભાષાઓમાં હિન્દી સૌથી સહજ, સરળ અને સુગમ છે. આથી હિન્દી ભાષા થકી હું દિવ્ય જ્ઞાન વર્ણવીશ." મહામતિ પ્રાણનાથની માતૃભાષા ગુજરાતી હતી પરંતુ તેમનું કાર્ય હિન્દી ભાષામાં લખાયેલ છે. ગાંધીજી રેંટીયાને સત્યના અંશ તરીકે માનતા. કુલજમ સરૂપમાં મહામતિ ચરખાને શરીર સાથે સરખાવે છે, ઈન્દ્રિયોને પૂણીની જેમ પકડમાં રાખવાનું કહે છે, તથા મન રૂપી તકલીને એકાગ્ર ચિત્તથી સીધી રાખવાનું કહે છે. ગાંધીજીએ રેંટીયા દ્વારા અપનાવેલા સ્વદેશી આંદોલનનાં મૂળ પણ પ્રાણનાથની ચરખાની એક કૃતિમાં જોવા મળે છે. ચરખો સમત્વ યોગનું પ્રતીક છે. એકાગ્રતા, ધ્યાન અને સાદગીનો મૂળમંત્ર છે. આધ્યાત્મિક અનુશાસનનો બુનિયાદી સંદેશ ચરખો આપે છે. પ્રકાશ ગ્રંથમાં મહામતિ કહે છે :

कर तुं चरखा उतावला, करक अंग कूवत ।

अब हिंमत करके कांत तूं, दिल बांध सूत के साथ ।।

સત્તરમી સદીમાં જે રીતે ચરખાની સત્તા, મહત્તા તથા ઉપયોગિતા દર્શાવી છે તે ગાંધીજીએ વીસમી સદીમાં ગુલામી માનસ તથા ગુલામીની જંજીરો તોડવામાં તેને વ્યાપક રૂપ આપી પ્રગટાવી.

મહામતિ પ્રાણનાથ તથા ગાંધીજીના જીવનમાં અનેક સામ્યતાઓ જોવા મળે છે. પ્રાણનાથ ૨૮ વર્ષે અરબ દેશના બસરા બંદરમાં ચાર વર્ષ રહયા. ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. મહામતિએ ઔરંગઝેબ સામે રણશિંગુ ફૂંક્યું. ગાંધીજીએ અંગ્રેજી શાસન સામે. બન્નેએ સર્વધર્મ અપનાવ્યો. બન્નેએ અસ્પૃશ્યતા નિવારણ માટે કાર્ય કર્યું. બન્નેમાં ભારોભાર રાષ્ટ્રીયતા હતી. ગાંધીજીની પ્રણામી માતા પુતળીબાઈના સંસ્કારો થકી મોહનમાંથી મહાત્માનો આવિર્ભાવ થયો. ગાંધીજીના સચિવ પ્યારેલાલે દર્શાવ્યું છે : "She bore the Mahatma" અર્થાત પુતળીબાઈએ મહાત્મા પેદા કર્યો. તે જન્મથી મહાત્મા હતા. ગાંધી નિર્વાણદિને પ્રણામી માતા તથા મહાત્માને કોટિ કોટિ વંદન !

૩૦ જાન્યુઆરી, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## પ્રતિભાવ

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના જર્નલ 'વિ-વિદ્યાનગર' (વર્ષ : ૧૩, ફેબ્રુઆરી ૨૦૧૧, અંક : ૨, પૃ. ૨૧-૨૩) માં કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ કૃત દીપે અરુણું પરભાત (દક્ષિણાયન, વર્ષ : ૨, ડિસેમ્બર ૨૦૧૦, અંક : ૪૭) મુદ્રિત થયેલ છે.

## સરકારના કાર્યક્રમોમાં યુનિવર્સિટીનો સક્રિય સહયોગ




પ્રજાસત્તાક પર્વની ઉજવણી અને સ્વર્ણિમ ગુજરાતના અવસરને સ્વર્ણિમ સંભારણું બનાવવા માટે સામાજિક વનીકરણ વિભાગ તથા યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી પરિસરને પાંચ હેકટર જમીનમાં વીર નર્મદ વાટિકા તૈયાર થઈ છે. જેમાં દુર્લભ વનસ્પતિઓમાંથી માંડીને આયુર્વેદમાં અકસીર ગણાતી



વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવશે. આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, લોકો વન ઉછેરનો મહિમા વધુ ગંભીરતા સાથે સમજી શકે અને વન સંરક્ષણ પ્રત્યે સંવેદના ઝંકૃત કરી શકે તે માટે નવગ્રહવન, રાશિવન અને નક્ષત્રવન સહિત પંચવટીનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં નવગ્રહ વન પ્રમાણેના આરાધ્યવૃક્ષો, રાશિ પ્રમાણેના આરાધ્ય વૃક્ષો તેમજ નક્ષત્રો પ્રમાણેના વૃક્ષોનો ઉછેર કરવામાં આવેલ છે. વનીકરણની પ્રવૃત્તિને વેગવાન બનાવવા આસ્થાનો ખ્યાલ ઉમેરાયો છે. તેથી લોકોનો વનીકરણ અંગે દ્રષ્ટિકોણ પણ બદલાશે. વીર નર્મદ વનવાટિકાનું જતન આગામી ત્રણ વર્ષ સુધી ગુજરાત સરકારનું વનવિભાગ કરશે.

યુનિવર્સિટીના પરિસરમાં પાંચ હેકટરની જમીન ઉપર નયનરમ્ય નર્મદ વાટિકાનું ઉદ્‌ઘાટન વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના વરદ હસ્તે તા. ૨૧-૧-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ, શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા, કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા અને સુરત શહેરના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ અને અન્ય ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



નર્મદ વાટિકાના લોકાર્પણ પ્રસંગે વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિની કાર્યપ્રણાલીને બિરદાવતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય વિકાસના નવા નવા સોપાનો સર કરી રહયું છે. તેની સાથે પર્યાવરણ સમતુલાની જાળવણી એ સમાજની



જવાબદારી બને છે. ગ્લોબલ વોર્મિન્ગ-કલાઈમેન્ટ ચેઈન્જના ઓછાયા હેઠળ આજે વિશ્વ ઉભું છે ત્યારે કુદરતી રચનામાં થયેલું પરિવર્તન વિશ્વ માટે ચિંતાનો વિષય બન્યો છે ત્યારે વિકાસની સાથે સાથે પર્યાવરણની સમતુલા માટે રાજ્ય સરકારે અનેક પગલાઓ લીધા છે.



## સામાજિક સહયોગનું ઉદાહરણ : ભકત મેનેજમેન્ટ એકેડેમી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા જી.એચ. ભકત મેમોરીયલ ફાઈન્ડેશન ટ્રસ્ટ, મહુવાના સંયુકત ઉપક્રમે જી.એચ. ભકત મેનેજમેન્ટ એકેડેમી ભવન ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૨૮-૧૦-૨૦૦૯, વિજયા દશમીના શુભ દિવસે જી.એચ. ભકત મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી વિરલ પુરોહીતના વરદ હસ્તે સંપન્ન થયો હતો. જી.એચ. ભકત મેનેજમેન્ટ એકેડેમીનો કુલ બાંધકામ વિસ્તાર ૪૩,૨૫૯ ચો.ફૂ. છે. જેની કુલ કિંમત ૩,૪૩,૪૦,૬૬૧ રૂપિયા ઈન્ટીરીયર અને લેન્ડસ્કેપીન્ગ સાથે થયેલ છે. આ મેનેજમેન્ટ એકેડેમીમાં જી.એચ. ભકત મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રૂા. ૧,૫૧,૦૦,૦૦૦નું દાન આપવામાં આવેલ છે. આ ભવનમાં વહીવટી કાર્યાલય ઉપરાંત દસ વર્ગખંડ, વીસ ફેકલ્ટી કેબીન, ગેસ્ટ રૂમ તેમજ એક સેમિનાર હોલ, પરીક્ષા હોલ, વિશાળ ગ્રંથાલય, કમિટિ રૂમ, પ્લેસમેન્ટ ઓફિસ, કમ્પ્યૂટર લેબ, કોમન રૂમ, સ્ટોર રૂમ, રેપ્રોગ્રાફીક રૂમ, બિઝનેસ કાઉન્સેલીંગ સેલ વગેરે આધુનિક ઉપકરણોથી સજ્જ કરવામાં આવેલ છે.



આ મેનેજમેન્ટ એકેડેમીનું ઉદ્‌ઘાટન તા. ૨૧-૧-૨૦૧૧ના રોજ શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા અને વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, જી.એચ. ભકત મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના ચેરમેનશ્રી ભકિતભાઈ ભકત તથા ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિઓ, સિન્ડિકેટ-સેનેટના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયા હતા.



આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિની કાર્યપ્રણાલીને બિરદાવતાં જણાવ્યું હતું કે, શિક્ષણની ક્ષિતિજો સર કરવા રાજય સરકારની મથામણ છે. વાયબ્રન્ટ સમિટિમાં રૂા. ૧૦ હજાર કરોડના એમઓયુ શિક્ષણક્ષેત્રે થયા છે. ગયા વર્ષે ૨૪૦ માધ્યમિક શાળાઓ શરૂ થઈ છે અને જૂન ૨૦૧૧માં ૭૦૦ શાળાઓ શરૂ કરવામાં આવશે. દેશના ગ્રોસ એનરોલમેન્ટ ગુણોત્તર કરતાં ગુજરાતમાં આ દર ઉંચો હોવાનું એક કારણ રાજયના વિકાસમાં જનભાગીદારીથી સરસ્વતી લક્ષ્મીનો સુભગ સમન્વય સધાયો છે તેમ એમણે જણાવ્યું હતું. ભકત પરિવારની સખાવતને અભિનંદન આપતાં વધુમાં તેમણે જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની અસ્મિતાને વિશ્વ સ્તરે મૂકી છે. તેમાં શૈક્ષણિક કાર્યો માટેની સખાવત ઉલ્લેખનીય છે.

જી.એચ. ભકતા મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રતિનિધિશ્રી નલીનભાઈ વ્યાસે આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, અગાઉના કુલપતિશ્રીઓના સમયમાં પણ અમોએ યુનિવર્સિટીમાં દાન આપવા તત્પરતા દાખવી હતી પરંતુ યોગ્ય પ્રતિભાવ સાંપડયો ન હતો. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ પહેલ દાખવી અમારો સંપર્ક કર્યો હતો. ડૉ. પ્રજાપતિએ અમારા ટ્રસ્ટના વડીલ નાઈઝેરીયા સ્થિત



ઉદ્યોગપતિ શ્રી નારણભાઈ ભકતને મળી સમગ્ર પ્રકલ્પની યોજના રજૂ કરી હતી જેનો ટ્રસ્ટે તુરંત સ્વીકાર કરી દાનની જાહેરાત કરી હતી. યુનિવર્સિટીના વિકાસમાં સહભાગી થવા ભકતા પરિવાર ટ્રસ્ટ કાયમ સાથે રહેશે તેવો તેમણે ટ્રસ્ટ વતી યુનિવર્સિટીને સધિયારો આપ્યો હતો.



આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિએ છેલ્લા અઢી વર્ષ દરમ્યાન સમાજ પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલા કરોડો રૂપિયાના દાનની વિગતો આપી હતી.



ડી.બી.આઈ.એમ. વિભાગનાં અધ્યક્ષ ડૉ. રેણુકાબેન ગર્ગે સૌ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મંચસ્થ મહાનુભાવો અને જી.એચ. ભકત મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રતિનિધિઓને શાલ ઓઢાડી તથા પુસ્તક અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મનિષ સિધ્ધપુરીયા અને આભારવિધિ કુલસચિવશ્રી જે.આર. મહેતાએ કરી હતી.




## રાષ્ટ્રીય પર્વ



યુનિવર્સિટી પરિસરમાં તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ દૃરમાં પ્રજાસત્તાક પર્વ પ્રસંગે કુલપતિશ્રી પ્રોફે. કર્નલ બી.એ. પ્રજાપતિએ સ્વર્ણિમ ગુજરાત-સપ્તધારા-દ્વિતીય મહોત્સવના સ્પર્ધકો, યુનિવર્સિટી પરિવાર અને વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પર્વની ઊજવણી કરી હતી.

આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો. કર્નલ બી.એ. પ્રજાપતિ અને નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના કન્વીનર ડૉ. અવધેશકુમાર સિંહે પ્રસંગોચિત પ્રવચન આપી રાષ્ટ્રભાવના વ્યકત કરી હતી.



## સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા-દ્વિતીય મહોત્સવ



યુનિવર્સિટી પરિસારમાં તા. ૨૪-૧-૧૧ થી ૨૬-૧-૧૧ દરમ્યાન નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે આયોજીત રાજય કક્ષાનો સ્વર્ણિમ ગુજરાત-સપ્તધારા મહોત્સવ યોજાઈ ગયો. આ સ્પર્ધામાં ઝોન-૧ : અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી (નવરંગપુરા, એલિસબ્રીજ, મણિનગર, આશ્રમ રોડ, એસ.જી. હાઈવે અને પૂર્વ અમદાવાદ, ઝોન-૨ : ઉત્તર ગુજરાત, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા-૧ અને ૨, બનાસકાંઠા અને પાટણ), ઝોન-૩ : મધ્ય ગુજરાત. સરદાર પટેલ યુનિવર્સિટી અને એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. (ખેડા, આણંદ-૧ અને ૨, વડોદરા,




પંચમહાલ અને દાહોદ), ઝોન-૪ : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને આહવા-ડાંગ) અને ઝોન-૫ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટી, (સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, અમરેલી, પોરબંદર અને ભૂજ-કચ્છ)ના સ્પર્ધકોએ ભાગ લીધો.



પ્રો. બી. એ. પ્રજાપતિના અધ્યક્ષપદે આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિશ્રી ડૉ. કમલેશ જોષીપુરા, શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શશીરંજન યાદવ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથના કુલપતિશ્રી ડૉ. પંકજ જાની તથા હેમ. ઉ. ગુ. યુનિ.નાં કુલપતિ ડૉ. હેમાક્ષી રાવ અને નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના કન્વીનર ડૉ. અવધેશ કુમાર સિંહ ઉપસ્થિત રહયા હતા.



મહોત્સવનો સમાપન તેમજ ઈનામ વિતરણ સમારંભ તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ અતિથિવિશેષશ્રી ડૉ. અવધેશ કુમાર સિંહ (કન્વીનર, નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત) કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે.આર. મહેતાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પ્રા. શ્રી ઉદયન ભટ્ટ, સ્ટેટ કો-ઓર્ડિનેટર, સપ્તધારા, પ્રા. જે. આર. દવે, પ્રોજેકટ કો-ઓર્ડિનેટર કે.સી.જી. વિવિધ ધારાઓના સ્ટેટ કો-ઓર્ડિનેટર પ્રા. પૂર્વી ઓઝા, પ્રા.



સંગીતા શાસ્ત્રી, પ્રા. ફાલ્ગુન ધ્રૂવ, પ્રા. વિક્રમ પાંચાલ, પ્રા. આનંદ આચાર્ય, પ્રા. ડી.જી. ચૌધરી, પ્રા. શ્રીકાન્ત બલ્ગી અને ડૉ. વેદાંત પંડયા, ડાયરેક્ટર, કે.સી.જી. વગેરેએ દરેક સ્પર્ધામાં સતત ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાએ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્પર્ધકોને સતત પ્રેરણા અને હૂંફ પૂરી પાડી હતી.



સમગ્ર રાજયમાંથી આ મહોત્સવમાં કુલ ૧૦૫૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે પૈકી નાટયધારા-૧૫૭, જ્ઞાનધારા-૪૮, રંગકલા કૌશલ્ય ધારા-૩૦, સર્જનાત્મકા અભિવયકિત ધારા-૫૧૭નો




સમાવેશ થાય છે. સેન્ટ્રલ ઝોન, અમદાવાદમાંથી ૩૬૩, ઉત્તર ગુજરાત ઝોનમાંથી ૨૧૯, દક્ષિણ ગુજરાત ઝોનમાંથી ૨૯૮ અને સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનમાંથી ૧૭૬ સ્પર્ધકો ઉપસ્થિત રહયા હતા. ત્રણ દિવસના આ



મહોત્સવમાં વિવિધ પ્રકારની કુલ ૪૨ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં સમગ્ર રાજયમાંથી વિષય નિષ્ણાતોએ નિર્ણાયક તરીકે કામગીરી બજાવી હતી. આ સ્પર્ધાઓનું પરિણામ હવે પછી પ્રગટ કરવામાં આવશે.



## તાલીમ

યુનિવર્સિટીના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ સર્વશ્રી એન. જે. સુરતી, શ્રી જે. જે. રાણા, શ્રી જે. કે. પટેલ, શ્રી આર. સી. ભાલાવાલા અને શ્રીમતી ડી. એસ. બદામીએ સરદાર પટેલ રાજય વહીવટી સંસ્થા અમદાવાદ ખાતે Training on Management Skills વિષય પર તા. ૩-૧ થી ૫-૧-૧૧ દરમ્યાન તાલીમ મેળવી.

## Lecture

Under the scheme of the U. G. C. Exchange of Teachers, Dr. M. F. Salat, Prof. & Head, Deptt. of English, M. S. Uni. of Baroda, delivered a talk on "Trends in Modern Literary Theories" in Department of English, V. N. S.G.U. on 20-01-11. Prof. Rakesh Desai introduced Prof. M. F. Salat in academic context to the students and Mr. Mihir Mori welcomed him with a bouquet. Prof. Salat's talk was comprehensive in its range and quite relevant and contemporary in terms of its theme. It was followed by an interactive session with the students and the faculties of the department.

## સ્વર્ણિમ ગુજરાત



સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા દેશના ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ભારતના બંધારણને લગતી આંતર કોલેજ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટના કુ. આશ્કા એસ. વાસિયા અને શ્રી રીતુલ ડી. મેંદપરા પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. વિજેતાઓને માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

## ઓલ ઈન્ડિયા - બોક્ષિંગ - સિલ્વર મેડલ



મોહનલાલ સુખડીયા યુનિવર્સિટી, ઉદયપુર મુકામે બોક્ષિંગ (ભાઈઓ)ની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી, ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સ્પર્ધામાં યુનિવર્સિટીના એચ.આર.ડી. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી શ્રી કરણવીર સિંઘે ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને સમગ્ર દેશમાં યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખ્યું છે. એક વર્ષની સખત મહેનત અને નિષ્ઠાસભર પ્રેકટીસના કારણે આ વર્ષે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં આપણી યુનિવર્સિટીએ જય જયકાર કરી વિજય ધ્વજ લહેરાવ્યો છે.

શ્રી કરણવીર સિંઘ સુપર હેવી કેટેગરીમાં સેમિ. ફાઈનલમાં કુરૂક્ષેત્ર યુનિવર્સિટીના ત્રણ વખતના સિલ્વર મેડલને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલમાં સ્પર્ધા રોહતક યુનિવર્સિટીના ઈન્ટર નેશનલ ખેલાડી સાથે થઈ હતી. જેમાં તેને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન

# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય

શ્રીમતી જી.એન.પંડયા બી.એડ્.કોલેજ, ભેસ્તાનમાં "વિશ્વ એઈડ્સ દિન" નિમિત્તે એઈડ્સ જન-જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ પરિવાર દ્વારા એઈડ્સ રોગ અંગે પ્રવર્તતી ગેરસમજો દૂર કરી જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત એઈડ્સ જાગૃતિ અંગેના પ્રદર્શનનું કોલેજમાં આયોજન થયું હતું. જે સંસ્થાના પ્રમુખશ્રી હેમંતભાઈ પંડયા દ્વારા ખુલ્લું મુકાયું હતું. જેમાં તાલીમાર્થીઓએ પુસ્તકો, ચિત્રો, પોસ્ટરો દ્વારા વિવિધ ભાષાઓમાં એઈડ્સ અંગેની જરૂરી સમજ આપી હતી.

તા. ૦૧/૧૨/૨૦૧૦ ના રોજ નવયુગ કોમર્સ કોલેજ, સુરત "વિશ્વ એઈડ્સ દિન" નિમિત્તે શ્રીમતી જસ્મીનબેન પંચાલે સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિ અને એઈડ્સ જાગૃતિ કરણ અંગેની સમજૂતિ આપી હતી. બીજા વકતા શ્રીમતી અરૂણાબેન ગામીતે, (નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, કાર્યકર્તા) HIV વિશે વાતો રજુ કરી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી.

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ વ્યારા દ્વારા ઉત્તર બુનિયાદી વિદ્યાલય કાટીસકૂવા નજીક ખાતે તા. ૨૬-૧૧-૨૦૧૦ ના રોજ સામાજીક જાગૃતિ અને વિના મૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર શિબિર રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૯૦ દર્દીઓએ લાભ લીધો હતો. તા. ૩૦-૧૧-૨૦૧૦ના રોજ આંબાવાડી ખાતે સારવાર શિબિર યોજાઈ ગઈ, જેમાં ૨૪૫ દર્દીઓએ લાભ લીધો હતો. તા. ૦૧-૧૨-૨૦૧૦ના રોજ વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે કોલેજ પરિવાર દ્વારા એઈડ્સની જાણકારી આપવામાં આવી હતી. ઉપરોકત શિબિરોમાં ડાૅ. જે. જે. જૈન, ડાૅ. શ્વેતા વણકર, ડાૅ. પી. આર. પટેલ અને ડાૅ. સ્નેહા તલાવીયાએ સેવાઓ આપી હતી.

જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં એન. એસ. એસ. સુરત. રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈ.એ.એસો.ફે.ફિ.એસો. સુરત, અમરોલી મેડીકલ સર્કલના સહયોગથી તા. ૦૮-૧૨-૨૦૧૦ના રોજ તૃતિય રકતદાન શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં કોલેજ પરિવાર, વિવિધ મહાનુભાવો અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. આ શિબિરમાં ૭૦ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ હતુ. રકતદાતાઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ફે.ફિ.એસો.સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી પ્રા.એન.બી.બારીયાએ રકતદાન અંગે માહિતી આપી હતી.

## વ્યાખ્યાન

શ્રી તા. ૭-૧૨-૧૦ના રોજ કમલા કોલેજ ઓફ એજયુકેશન, ખોલવડમાં આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત યુનિવર્સિટી તરફથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના ડાૅ. કિશોરભાઈ નાયકે 'સંઘર્ષ અને સંઘર્ષના પ્રકાર' અને ડાૅ. જે. જે. રાવળે બ્રહમાંડના અસીમ અને વિરાટ અસ્તિત્વ પૃથ્વી અને મનુષ્યની મહત્ત વિષે વાત કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન સુરતમાં વી.ટી.ચોકસી કોલેજ ઓફ એજયુકેશનના આચાર્યશ્રી ડાૅ. વી. જી. પટેલે 'શિક્ષક કેવો હોય' વિષય પર વ્યાખ્યાન આપ્યું

તા. ૦૮-૧૨-૨૦૧૦ ના રોજ રોફેલ આર્ટસ કોમર્સ કોલેજ વાપીમાં નેશનલ ગૃપ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ દ્વારા પ્રા. દયાબેન દેસાઈ દ્વારા ટી.વાય.બી.કોમ ના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનનું આયોજન થયું હતું.

## સેમિનાર



તા. ૧૯ મી ડિસેમ્બર ૧૦ ના રોજ દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપક સંઘ તથા શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વરના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી સંલગ્ન આધ્યાપકો માટે કાર્યશિબિર યોજવામાં આવ્યો હતો. તમામ સહભાગીઓએ કવિતા, નિબંધ, એકાંકી તથા ટૂંકીવાર્તાના સ્વરૂપોના સર્જનાત્મક લેખન સંદર્ભે જાણકારી પ્રાપ્ત કરી હતી. દ.ગુજ. ગુજરાતીના અધ્યાપક સંઘના પ્રમુખ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડીન, આચાર્યશ્રી ડાૅ. જગદીશ ગૂર્જરે સ્વાગત પ્રવચન કરી આ પ્રકારના કાર્યશિબિરની સાંપ્રત સમયમાં તાતી જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

નામાંકિત સાહિત્યકારોએ કાર્યશિબિરમાં વ્યાખ્યાન આપ્યા હતા. સર્જનાત્મક વાર્તા લેખનના કથનકેન્દ્ર, રહસ્યગર્ભ ક્ષણ તથા ઘટના સંદર્ભે માય ડીયર જયુએ રસપ્રદ ચર્ચા કરી સ્વસર્જનની વાત સાંકળી લીધી હતી. ડાૅ. મહેન્દ્રસિંહ પરમારે સર્જનાત્મક નિબંધલેખનના લાલિત્ય, ગદ્યસંવિધાન તથા સર્જક વ્યકિતત્વ સંબંધે સદ્રષ્ટાંત માહિતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. બીજી બેઠકમાં પ્રો. મીનળ દવેએ સર્જનાત્મક કાવ્યલેખનના ઊર્મિ, વિચાર તથા કલ્પના સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું. ડાૅ. વિપીનભાઈ કિકાણી તથા પ્રો. રમેશ માળીએ સર્જનાત્મક નાટ્યલેખનની તખ્તાલાયકી, સંવાદ તથા સંઘર્ષ સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું.



સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના સુવર્ણજયંતિ વર્ષ નિમિત્તે રાજયકક્ષાના સેમિનારનું કોલેજના રસાયણિક વિભાગના સૌજન્યથી 'રીસન્ટ ટ્રેન્ડસ ઈન ઓર્ગેનિક સીન્થેસીસ' વિષય ઉપર તા. ૧૯-૧૨-૨૦૧૦ના આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વકતા તરીકે જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્ટીફીક રિસર્ચ, બેંગલોરના સાયન્ટીસ્ટ પ્રો. ઈલા એચ. અને રીસર્ચ ઓફિસર ઈન રેવા ઈન્સ્ટીટયુટ, બેંગલોરના સાયન્ટીસ્ટ પ્રો. એચ. જુનજપ્પા પધાર્યા હતા. બંને વકતાઓ ફેલો ઓફ ઈન્ડીયન નેશનલ સાયન્સ એકેડમી, ન્યુ દીલ્હી અને ઈન્ડીયન એકેડમી ઓફ સાયન્સ, બેંગલોરની પદવી ધરાવે છે. સેમિનારમાં

૩૫૮ ડેલીગેટસ હાજર રહયા હતા જેમાં ૧૨૨ અધ્યાપકો, ૨૨૬ અનુસ્નાતક વર્ગના વિદ્યાર્થીઓ અને સંશોધન કરતા વિદ્યાર્થીઓ તેમજ ૧૦ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગમાં કાર્ય કરતાં દક્ષિણ ગુજરાતના નાના-મોટા ઔદ્યોગિક ગૃહોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

પ્રો. એચ. ઈલાએ ‘રીસન્ટ ટ્રેન્ડસ એન્ડ ચેલેન્જીસ ઈન ઓર્ગેનિક સીન્થેસીસી અને મોલેકયુલર ડાયવર્સીટી જનરેશન થ્રુ નોવેલ ઓર્ગેનો સલ્ફર સીન્થોન્સ વિષય ઉપર અને પ્રો. એચ. જુનજપ્પાએ બોન્ડીંગ એન્ડ રીએકિટિવીટી અને જુન્જપ્પા-ઈલા હિટરો એરોમેટીક એન્યુલેશન વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ઉદ્દ્ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન પદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. પી. કે. ગઢીયા તથા સમારંભના પ્રમુખ પદે સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી રજનીકાંત મારફતીયા પધાર્યા હતા. કોલેજના ઈનચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા કોલેજ અંગેની માહિતી આપી સૌને આવકાર્યા હતા. ડૉ. જી. સી. દેસાઈએ સેમિનારનું મહત્વ સમજાવ્યું હતું.

## સ્પર્ધા



સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, વરિયાવ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓ પૈકી ગ્રંથસમીક્ષા સ્પર્ધામાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના ગઢાધરા ધર્મેશકુમારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમગ્ર કોલેજમાં પ્રથમ ક્રમ તેમજ ભજન સ્પર્ધામાં ચકલાસિયા ક્રિષ્નાએ પ્રથમ ક્રમ મેળવેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત ઉધના કોલેજ આયોજિત આંતર કોલેજ વોલીબોલ ટુર્નામેન્ટનું તા. ૩૦ તથા ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ના રોજ આયોજન થયું હતું. પ્રસ્તુત સ્પર્ધાના ઉદ્દ્ઘાટક તરીકે યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી કિરીટસિંહ વાંસદિયા તથા અન્ય મહેમાનોમાં ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી રમેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ શ્રી કિરીટભાઈ ગાંધી, મંત્રીશ્રી ભાણજીભાઈ પટેલ તથા ખજાનચી શ્રી કેતનભાઈ શાહે સ્પધકોને અને આયોજકોને સફળતા માટે આશીર્વચન પાઠવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. એ.જી. મહેતા તથા ઉપાચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ સર્વેને શુભેચ્છા અને પ્રેરણાબળ પુરું પડયું હતું. આ સ્પર્ધામાં કુલ ૨૦ ટીમોએ ભાગ લીધો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી વાંસદિયાએ સ્પોર્ટ્સને શિક્ષણનું એક અનિવાર્ય અંગ ગણાવ્યું હતું. વધુમાં તેમણે યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટ્સ માટે આપવામાં આવતાં નાણાંકીય અને બિન નાણાંકીય પ્રોત્સાહન વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ટુર્નામેન્ટના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી શ્રી પરીક્ષીત ઈચ્છાપોરીયાએ આભારવિધી કરી. આ ટુર્નામેન્ટમાં નવયુગ કોમર્સ કોલેજની ટીમ ચેમ્પિયન બની હતી અને ડી.આર.બી. કોમર્સ કોલેજની ટીમ રનર્સ અપ રહી હતી તથા ઉધના કોલેજની ટીમ પ્રશંસનીય દેખાવી કરી સેમી ફાઈનલ પહોંચી હતી.

## એન.એસ.એસ.

શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ-કોમર્સ કોલેજ, અંકલેશ્વરનો એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૨૨-૧૧ થી ૨૮-૧૧-૧૦ દરમ્યાન નવી દીવી પ્રાથમિક શાળા ખાતે યોજાઈ ગયો. પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જરે સ્વાગત પ્રવચન કરીને સહુને આવકાર આપ્યો હતો. સ્વયંસેવકોએ નવી દીવી ગામમાં પ્રભાત ફેરી, જનજાગૃતિ, ગામ સફાઈ અને સદ્‌ભાવના પ્રેરક સૂત્રોચ્ચાર કર્યા હતા. તદ્‌પરાંત સ્વામીશ્રી યશોનિધિ, શ્રી બોમી કાવીના, શ્રી ઈસ્માઈલભાઈ, શ્રી હિતેષભાઈ, શ્રી હિતેશ આનંદપરા, શ્રી દીપક રોય, શ્રી જી. કે. નંદાએ વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપ્યાં હતાં. આ શિબિરમાં નગરપાલિકાના પ્રમુખશ્રી સંદીપ પટેલ, શ્રી એ.એન. માલવિયા, પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જર, અંકલેશ્વર-હાંસોટના ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહયા હતા. ગ્રામ પંચાયત તરફથી સ્વયંસેવકો અને પ્રો. ઓફિસર્સને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો વર્ષ : ૨૦૧૦-૧૧નો વાર્ષિક શિબિર ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારની સાત - આશ્રમશાળાઓમાં આયોજીત થયો હતો. ૩૧ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ધો. ૫ થી ૭ ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન-ગણિત વિષયનું પ્રયોગો દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવ્યું. શિબિર દરમ્યાન એક શુભેચ્છક દ્વારા મળેલ ગરમ ધાબળાનું વિતરણ કાર્ય પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના માર્ગદર્શક તરીકે આર્ચ (ધરમપુર) અને JNPCT નો સહયોગ રહયો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, ડૉ. એ.એન. માલવીયાના પ્રેરક ઉદ્‌બોધનથી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા અને કોલેજનો આ વિસ્તાર સાથેનો સેતુ મેદાનો માટે રાખવા જણાવ્યું હતું.

नायक वही कहलाता है जो निर्भयतापूर्वक उचित समय पर उचित कार्य करता है । चाहे परिणाम कुछ भी हो । यह सोचना कि आपके कार्यो से सभी प्रसन्नचित्त होंगे, सरासर बेवकूही है । आप सब को संतुष्ट नही कर सकते । अज्ञात को ज्ञात करने में जो रोमांच हे वह सुरक्षित होकार होने में दुबकने से नहीं मिल सकता । भय का भूत आपकी चुनौतियों के स्वीकार करने के साहस को देख कर ही छू हो जाता है । साहस या हिम्मत जिन्दगी की मांग है ।

रामकुमार गोयल, दार्शनिक

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com